|| ૐ શ્રી સાઈરામ ||

|| ૐ શ્રી સાઈ શિરડીસામૂર્તયે નમ: || (૩૧)

## શ્રી શિરડીસાઈનો અવતાર હોવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આશરે ૬૦ વર્ષ પૂર્વેની આ વાત છે. મહારાષ્ટ્રના કોંકણના વરેરી ગામનો એક સુશિક્ષિત યુવાન, શિક્ષણ ક્ષેત્રમાં કામ કરવાના હેતુથી મુંબઈ પાસેના વસઈમાં રહેવા આવ્યો. તે વખતે વસઈ એ નાનું ગામડું જ હતું. આ યુવાનનું નામ મંગેશ પિંગે. તે વસઈની એક શાળા (સ્કૂલ) માં શિક્ષકની નોકરી કરવા લાગ્યો. તે સમયમાં શિક્ષકનો પગાર એકદમ ઓછો હતો. તેમાં જ તેને અને તેના કુટુંબને મલેરિયા થયો. બધાની તબિયત ખરાબ હતી એટલે તે વસઈ છોડીને દાદર રહેવા ગયા. રહેવા માટે બે રૂમની જગ્યા મળી. પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ વધારે કથળવા લાગી. તે જે રૂમમાં રહેતા હતા, ત્યાં પહેલા એક ભાડૂત રહેતો હતો, તે રૂમ ખાલી કરતી વખતે બધો સામાન લઈ ગયો હતો. પરંતુ બે ફોટા તેણે ત્યાં જ રહેવા દીધા હતા. તેમાંનો એક હતો ગુરુદેવ દત્તાત્રેયનો અને બીજો હતો શિરડીસાઈ બાબાનો.

પિંગેએ બંને ફોટાને હાર ચઢાવ્યા અને પૂજા કરવાનું શરૂ કર્યું. હકીકતમાં તેમને શિરડી સાઈબાબા વિશે કાંઈ ખબર નહોતી.

એક દિવસ અચાનક એક ફકીર તેમના દરવાજામાં આવીને ઊભા રહ્યા. તેમણે પિંગે પાસે સવા રૂપિયો માગ્યો. તે વખતે આટલા પૈસા આપવાનું તેમને શક્ય નહોતું. એટલે તેમણે બે આના તે ફકીરના હાથમાં મૂક્યા. ખરેખર બે આનાની રકમ પણ તે સમયમાં ઓછી નહોતી.

ફકીરના હાથમાં પૈસા આવતા તેણે તે પિંગેના અને પોતાના કપાળે અડાડયા. પછી પોતાની હાથની મુઠી જોરથી બંધ કરી અને પિંગને ખોબો ધરવા કહ્યું. તેમણે તે પ્રમાણે કરતા જ ફકીરની મુઠ્ઠીમાંથી પાણીની ધાર વહેવા લાગી અને તે પિંગેના ખોબા (હાથમાં) માં પડી. ફકીરે તે પાણી તેમને પીવાનું કહેતા જ, (અંદરથી શ્રીમતી પિંગે આ બધું જોતા હતા જ) શ્રીમતી પિંગે બોલ્યા- “ અરે, આ શું કરો છો? તે પાણી પીશો નહીં!” પરંતુ, તત્પુર્વે જ પિંગે તે પાણી પી ગયા હતા.

એટલામાં જ અનપેક્ષિતપણે, તે ફકીરે એક કૃતિ કરી, તેમણે પોતાના મોઢામાંથી આંતરડું બહાર કાઢયું અને તે ગરમ આંતરડું પિંગેના હાથ પર મૂકો ત્યાર પછી તરત જ તે આંતરડું તેમણે પોતાના મોઢામાંથી અંદર ધકેલી દીધા આ બધું જોતા જ શ્રી અને શ્રીમતી પિંગે ગભરાઇ ગયા. તેમાં તે ફકીર તરત જ નીકળી ગયો.

ફકીર નીકળી ગયા પછી પિંગને ફકીરના અને શિરડી સાઈના ફોટામાં રહેલું સામ્ય ધ્યાનમાં આવ્યું અને તે સાઈનાથ જ હતા એમ સમજાયું. તેથી તે તેમને શોધવા માટે નીકળ્યા, પરંતુ તે તેમને ક્યાંય ન મળ્યા.

પરંતુ એક વાત થઈ કે, તે દિવસથી તેમનો મલેરિયા ગાયબ થયો તેમના કોચિંગ ક્લાસિસનું નામ આખા મહારાષ્ટ્રમાં ફેલાયું અને તેમની ઘણી આર્થિક ઉન્નતિ થઈ.

શિરડીના સાઈનાથ હંમેશાં કહેતા-"મને ગમનારા માણસોને હું શોધીને અને પારખીને લઈ આવું છું. જેમ કે ચકલીના પગમાં દોરો બાંધવો અને જોઈએ ત્યારે તેને હળવેથી ખેંચવો એટલે તે ચકલી આપણી પાસે આવી જાય. આવી જ રીતે!"

શ્રી. પિંગે અત્યંત સજ્જન, અને સંતવૃત્તિના હતા. તેથી સાઈનાથે તેમને શિરડી સાઈના રૂપમાં દર્શન આપ્યા અને તેમને તંદુરસ્ત આરોગ્ય આપ્યું. તેમની આર્થિક ઉન્નતિ કરી, એટલું જ નહીં, પરંતુ શ્રી સત્યસાઈએ પણ તેમને ઈ.સ .૧૯૬૪ થી કૃપાપાત્ર કર્યા. મુંબઈના પોતાના આશ્રમના ભૂમિપૂજનનું માન તેમને જ આપ્યું. પિંગેઝ ક્લાસિસની રજત જયંતીના સમારંભમાં પણ સ્વામી ખાસ કરીને ઉપસ્થિત રહ્યા અને તેમના પ્રેમની અને કૃપાની વર્ષા આ સદભક્ત ઉપર કરી.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||